# ગુજરાત જાહેર સેવા આયોગ

## છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

**અગત્યની જાહેરાત**

**જા.ક્ર.૪૦/૨૦૧૯-૨૦, રેડિયો-ડાયગ્નોસીસ વિષયના પ્રાધ્યાપક (વર્ગ-૧)**

૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની તબીબી શિક્ષણની જુદા જુદા વિષયોની પ્રાધ્યાપક (વર્ગ-૧) સંવર્ગની સીધી ભરતીની જાહેરાતો જા.ક્ર. ૩૩ થી ૫૧/૨૦૧૯-૨૦ આયોગ દ્વારા તા.૨૫/૧૦/૨૦૧૯ના રોજ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવી હતી. તત્કાલીન સમયે વિભાગ દ્વારા આ જગ્યાઓની સંખ્યા નિવૃત્તિ, રાજીનામા કે બઢતી આપવા અથવા બીજા કોઈ પણ કારણસર વધ કે ઘટ થાય તેવી સંભાવના રહેશે તેમ જણાવવામાં આવેલ. તદ્નુસાર આયોગ દ્વારા પ્રસિધ્ધ કરેલ જાહેરાતોમાં આ જોગવાઇનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૨. ઉપર્યુક્ત જાહેરાતો પૈકી જા.ક્ર.૪૦/૨૦૧૯-૨૦, રેડિયો-ડાયગ્નોસીસ વિષયના પ્રાધ્યાપક (વર્ગ-૧)ની જાહેરાતમાં મૂળ માંગણીપત્રકમાં વિભાગે દર્શાવેલ જગ્યાઓ મુજબ અગાઉ બિનઅનામત વર્ગની ૦૪ અને સા.શૈ.પ.વર્ગની ૦૧ એમ કુલ ૦૫ જગ્યાઓ દર્શાવવામાં આવેલ હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આયોગને કરવામાં આવેલ દરખાસ્તમાં જનરલ કેટેગરીની ૦૪ જગ્યાઓ બઢતીથી ભરેલ હોવાથી આ જગ્યાઓનો ઘટાડો કરવા વિનંતી કરવામાં આવેલ. જેને આયોગ દ્વારા મંજૂરી આપતાં મૂળ જાહેરાતમાં દર્શાવેલ કુલ જગ્યાઓમાં હવે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ સંખ્યા મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરવાની થાય છે.

| કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | | | | 3 | | | | |
| | સામાન્ય | EWS | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | EWS | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| **૦૧** | ૦૦ | ૦૦ | **૦૧** | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

૩. સદરહુ જાહેરાત સબંધે આયોગ દ્વારા તા. ૦૪/૦૨/૨૦૨૧ ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીનું પરિણામ તા.૩૦/૦૪/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પરંતુ, ઉક્ત 'અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી'માં સા.શૈ.પ.વર્ગના કોઇ ઉમેદવાર ઉપલબ્ધ થયેલ નથી. આથી જા.ક્ર.૪૦/૨૦૧૯-૨૦, રેડિયો-ડાયગ્નોસીસ વિષયના પ્રાધ્યાપક (વર્ગ-૧)ની ભરતી અન્વયે વિભાગને **'શૂન્ય ભલામણ'** કરવામાં આવેલ છે. જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તા. ૦૪/૦૮/૨૦૨૧